| Publication : Sandesh | Edition : Vadodara |
|---|---|
| Date : April 01, 2019 | Page: 3 |


### હવે BOB ૧૭૭૪ શાખા સાથે રાજ્યની સૌથી મોટી બેંક બનશે

# આજથી દેના અને વિજ્યા બેંકનું બેંક ઓફ બરોડામાં મર્જર અમલી

## દેશની ત્રીજી સૌથી મોટી બેંક હવે બેંક ઓફ બરોડા બનશે

। વડોદરા ।

વડોદરાના બેંકિંગ ઈતિહાસમાં આવતીકાલે તા.૧લી એપ્રિલથી બેંક ઓફ બરોડા નવી સિધ્ધિ મેળવશે. દેશની ત્રીજી સૌથી મોટી બેંક આવતીકાલ તા.૧લીથી દેશની દેના અને વિજ્યા બેંકની તમામ શાખાઓ બેંક ઓફ બરોડામાં ભળી જશે અને બેંક ઓફ બરોડાની શાખા તરીકે કાર્યરત રહેશે. બેંક ઓફ બરોડા ગુજરાતમાં પણ આવતીકાલથી એક નવો ઈતિહાસ રચશે.જે રાજ્યમાં સૌથી વધુ શાખા ધરાવતી બેંકનો બનશે. દેના અને વિજ્યા બેંકનું બેંક ઓફ બરોડામાં જોડાણ થયા બાદ રાજ્યમાં ૧૭૭૪ શાખા ધરાવતી બેંક બનશે. ઉલ્લેખનીય છેકે, અત્યાર સુધી રાજ્યમાં સ્ટેટ બેંક ૧૨૭૭ શાખા સાથે રાજ્યની સૌથી વધુ શાખા ધરાવતી બેંક હતી.

૧૯૦૮માં સર સયાજીરાવ ગાયકવાડે સ્થાપેલી બેંક ઓફ બરોડા દેશ વિદેશમાં બેંકિંગ સેકટરમાં પ્રતિષ્ઠા ધરાવે છે. જ્યારે મૂળ ગુજરાતીએ જ સ્થાપેલી દેના બેંક પણ ગુજરાત અને મહારાષ્ટ્રમાં મહત્વની બેંકિંગ સેવા આપી રહી છે. પ્રાણલાલ દેવકરણ નાનજી દ્વારા સ્થપાયેલી આ બેંકનું ૧૯૬૯માં રાષ્ટ્રિયકરણ થયું હતું. બેંક ઓફ બરોડાનું પણ ૧૯૬૯માં રાષ્ટ્રિયકરણ થયું હતું.

રિઝર્વ બેંકે કરેલી જાહેરાત મુજબ આવતીકાલ તા.૧લીથી દેના બેંક અને વિજ્યા બેંકની તમામ શાખાઓ બેંક ઓફ બરોડાની શાખા તરીકે કાર્યરત રહેશે. ગત સપ્તાહમાં જ કેન્દ્ર સરકારે બેંક ઓફ બરોડામાં રૂ.૫૦૪૨ કરોડની મૂડી ઉમેરવા જાહેરાત કરી હતી.

વડોદરા ખાતે વડુ મથક ધરાવતી બેંક ઓફ બરોડાની કુલ શાખાઓ હવે ૯૪૯૦ થઈ જશે. મર્જર પહેલાં બેંક ઓફ બરોડાની ૫૫૦૨, વિજ્યા બેંકની ૨૧૩૦ અને દેના બેંકની ૧૮૫૬ શાખાઓ હતો. બેંક ઓફ બરોડા હવે દેશની ત્રીજી સૌથી મોટી બેંક બનશે.

મર્જર બાદ બેંક ઓફ બરોડાના કર્મચારીઓની સંખ્યા પણ ૮૫૬૭૫ થઈ જશે. અત્યાર સુધી બેંક ઓફ બરોડાના ૫૬૩૬૦ ,વિજ્યા બેંકના ૧૫૮૭૫ અને દેના બેંકના ૧૩૪૪૦ કર્મચારીઓ હતા.

બેંક ઓફ બરોડાનાં સૂત્રોના જણાવ્યા અનુસાર ત્રણેય બેંકો હાલમાં ગ્રાહકોને સેવા રાબેતા મુજબ આપશે. બીજી તરફ છ મહિનાથી એક વર્ષ સુધીમાં કોઈ શાખાનું મર્જર કરવામાં નહીં આવે. ભવિષ્યમાં નજીકની શાખાઓને એકબીજા સાથે ભેળવી દેવામાં આવે તેવી શક્યતાઓ છે. ભુતકાળમાં સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્રને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં ભેળવી દેવામાં આવી હતી. ત્યારે આવી ઘટનાઓ બની હતી જેનું પુનરાવર્તન બેંક ઓફ બરોડામાં દેના અને વિજ્યા બેંકના મર્જરથી થઈ શકે છે. કર્મચારી સંગઠનો પણ ગતિવિધિઓ પર નજર રાખી રહ્યાં છે.